# ડિગ્રી ઈજનેરી પ્રવેશ વર્ષ-૨૦૧૬ ના અરજદારો માટે જાણવા જોગ

ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત પ્રવેશ વર્ષ-૨૦૧૬ માટેની રજીસ્ટ્રેશન પ્રક્રિયા તા. ૧૦-૦૬-૨૦૧૬ ના રોજ પૂર્ણ થાય છે. જે ઉમેદવારોએ વેરીફીકેશન / રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ઉપર મુજબની સમય મર્યાદામાં પૂર્ણ કરેલ છે અને આવા ઉમેદવારોએ જો રજીસ્ટ્રેશન દરમ્યાન જાતી અંગેના પ્રમાણપત્રો, બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોનું **EBC** પ્રમાણપત્ર તથા ટ્યૂશન ફી માફી યોજના માટે આવકનું પ્રમાણ પત્ર રજૂ કરેલ ન હોય તો તેવા ઉમેદવારોએ જરૂરી પ્રમાણ પત્રો ઉપલબ્ધ થયે કેટેગરીમાં સુધારો, તેમજ ટ્યુશન ફી માફી યોજના **(TFW)** માટે સુધારા કરાવવા હોય તો, તેને લગતાં દસ્તાવેજોની સ્વપ્રમાણિત નકલ તથા રજીસ્ટ્રેશન ફોર્મની પ્રિન્ટ આઉટ સાથે નજીકના હેલ્પ સેન્ટર ખાતે જઈને **Edit Registration Form** ભરી **તા. ૧૫-૦૬-૨૦૧૬ નાં સાંજે ૦૫-૦૦ કલાક સુધીમાં** રૂબરૂ જમા કરાવવા જણાવવામાં આવે છે. ત્યારબાદ કોઈપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

પ્રવેશ સમિતિ દ્વારા આયોજીત અવેરનેશ પ્રોગ્રામ દરમ્યાન આ બાબતે વિદ્યાર્થી-વાલીઓને રજીસ્ટ્રેશન પહેલા તમામ પ્રમાણપત્રો મેળવી લેવાની વારંવાર સૂચના આપવા છતાં વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં આ આખરી સમયમર્યાદા અપાયેલ છે. જેની તમામે નોંધ લેવી. વધુ માહિતી માટે સમિતિની વેબસાઈટ **www.jacpcldce.ac.in** વખતો વખત જોવા વિનંતી.

**તા. ૦૮-૦૬-૨૦૧૬** **— મેમ્બર સેક્રેટરી**